October 2024

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 ● Issue 01 / 224
● Mumbai ● Page 44 ● Price Rs. 5/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com





## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**પ્યારા પાટણ સમાજના,**

**સ્નેહી પરિવારો,**

**પ્રણામ !**

**એક ઝાકળ, એક ખુશ્બુ ને એક અજવાસ લઈને મારા પ્યારાં શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવાર ! સ્વજનો અને મિત્રોનું વિક્રમ સંવત ૨૦૮૧માં ભાવભર્યું સ્વાગત કરું છું.**

**સૌ હેતથી સાથે મળે તે અવસર કહેવાય પ્રસંગ કહેવાય, અને સૌ સાથે મળીને હેતથી અવસરની ઉજવણી કરે તે દિપોત્સવી કહેવાય...**

**પરદુઃખ ભંજન વીર વિક્રમની પવિત્ર પુણ્ય સ્મૃતિમાં શરૂ થયેલા નવા વર્ષે નવા ઉત્સાહ અને ઉમંગ ઉલ્લાસ સાથે આપ સૌને નૂતન વર્ષની શુભ કામના... સાલમુબારક....**

**તા. ૬ ઓક્ટોબરની સવારે ૯.૦૦ કલાકે સૌરભ મેડિકલ હેલ્થ કેર ખાતે મારી સાથે પ્રથમ ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવી, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ અને મુખ્ય દાતા શ્રી હરેશભાઈ બી. શાહ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં નવા ૧૦ ડિપાર્ટમેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.** દરેક દાતાશ્રીઓને મોમેન્ટો આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું. બધાંજ દાતાશ્રીઓના મુખપર સુખ અને સંતોષ તથા આનંદની લાગણીના ભાવ પ્રગટ્યા હતા. એક વર્ષ આ હેલ્થ કેરને પૂર્ણ થવા આવ્યા છતાં હજું ગઈકાલે જ નવું બનાવ્યું હોય એમ લાગતું હતું.

**સવારે ૧૦.૦૦ કલાકે સહારા સ્ટાર વિલેપાર્લા (ઈ)** ખાતે લોનાવાલા **હોલી ડે હોમના** દાતાશ્રીઓના બહુમાનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હોવાથી અમે સૌ તરત જ સહારા સ્ટાર પહોંચી ગયા હતા. સવારનો ચા-કોફીને ન્યાય આપ્યા બાદ હોલમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તે પ્રસંગે સંગીતકાર **શ્રી વિજયભાઈ દોશીના** માંગલિક નવકાર મંત્રથી આખો હોલ ગુંજી ઉઠ્યો હતો.

મારી સાથેના ઉપપ્રમુખો તથા ટ્રસ્ટીઓ સાથે રહીને દીપપ્રાગટ્ય વિધી કરવામાં આવી હતી.

**શ્રી ભાવિકભાઈએ** કાર્યક્રમ સંચાલન કરવાનો દોર સંભાળ્યો હતો. ઉપસ્થિત સહુનું ભાવભર્યું સ્વાગત કરીને **શ્રીમતી ભારતીબેન શાહ (પ્રતિબિંબના તંત્રી)**, ટ્રસ્ટી **શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ** અને ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી** દ્વારા શાબ્દિક માહિતી **'હોલી ડે હોમ'ના** પ્રસંગ નિમિત્તે આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટના **આર્કિટેક્ટ શ્રી હેમલભાઈ** દ્વારા સ્લાઈડ શો દ્વારા પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. મોટા સ્ક્રિન ઉપર મેઈન ગેટથી દાખલ થતાં જ જે રીતે બતાવવામાં આવ્યું અને અન્ય વિસ્તૃત જાણકારી આપીને **હોલી ડે હોમના** રૂમ, ભોજન ખંડ, ગેમ્સ રૂમ, જિમ્નેશિયમ, વોકીંગ ટ્રેક, પ્લે ગ્રાઉન્ડ જેવી અનેક સુવિધાઓ બતાવી હતી. નવ ગ્રહ જીનાલય તેમજ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતના ઉપાશ્રય સાથે સ્ક્રિન ઉપર દર્શાવવામાં આવતા સમગ્ર જેડ હોલમાં ઉપસ્થિત બધા જ પાટણના પરિવારોને અનહદ આનંદ આવ્યો હતો. કાયદાકીય દ્રષ્ટિથી દરેક ડિપાર્ટમેન્ટના Approval મળે ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૫થી બાંધકામ શરૂ થઈ જશે. સૌના મનમાં એક જ ભાવના રમતી હતી કે ક્યારે જલ્દી આ હોમ બને અને તેનો આપણે લાભ લઈ શકીએ.

Cont. page 2

ત્યાંરબાદ મે સૌની સમક્ષ ડોનેશનની ટહેલ નાખી હતી જેનો સુંદર પ્રતિસાદ મળ્યો હતો. **૧૫ લાખના** ઘણા નામ અમારી પાસે આવ્યા છે તે સૌનો **હું દિલથી આભાર માનું છું અને સૌની અનુમોદના કરું છું.** આખો પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થવાનો અંદાજ છે. **૨૦૨૬ના ડિસેમ્બર** મહિનામાં ઉદ્‌ઘાટન કરવાનો પ્લાન છે.

**તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ના રવિવારના** રોજ બધા જ દાતાઓને સાથે રાખીને તેમની શુભેચ્છા સાથે લોનાવાલા **હોલી ડે હોમના** ભૂમિ પૂજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રવિવારે ભાઈબીજનો કાર્યક્રમ** ડીનર સાથે સાંજના **૫ થી ૭ માં** ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે તો આપ સૌને સહ પરિવાર પધારવા માટે હાર્દિક આમંત્રણ છે. તારીખની નોંધ લેવા વિનંતી.

**તા. ૨ ઓક્ટોબર ૨૦૨૪ના** નેસ્કો, ગોરેગામ ખાતે શ્રી પાટણ જૈન મંડળ આયોજીત **ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટના** નેજા હેઠળ ઉપપ્રમુખ **શ્રી હિતેશભાઈ એમ. શાહના** નેતૃત્વમાં **શ્રી સંજયભાઈ એસ. શાહ, શ્રી ભાવિકભાઈ શાહ** તથા તેમની ટીમે સવારથી રાત સુધી ખડાપગે ઉભા રહીને ટ્રેડફેરને શાનદાર રીતે સફળતા અપાવી. આ સમયે શ્રી પાટણ જૈન મંડળની **APP લોન્ચ** કરવામાં આવી હતી. લગભગ **૧૨૦ સ્ટોલમાં** વિવિધ પ્રકારની આઈટમો હતી. **૪૦૦૦ થી વધારે પટણીઓએ** મુલાકાત લઈને સ્ટોલ ધારકોને સારો સાથ-સહકાર આપ્યો હતો.

**લોનાવાલા હોલી ડે હોમમાં રૂા. ૧.૨૫ કરોડ સાધ્વીજી ભગવંત ઉપાશ્રય**

શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) -

હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી), હ. શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ (ચીતારાની ખડકી)

**લોનાવાલા હોલી ડે હોમમાં રૂા. ૫૦ +૧૩ લાખ = ૬૩ લાખ સહયોગી આધાર સ્થંભ લાભાર્થી**

શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ –

હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવીબેન અમીતભાઈ શાહ, શ્રી આશીતભાઈ ભુપેનભાઈ શાહ (પોળની શેરી)

**લોનાવાલા હોલી ડે હોમમાં રૂા. ૧૫ લાખ એક રૂમના સંયુક્ત લાભાર્થી**

૧. શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૨. શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
૩. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ - હ. શ્રી જીનેશભાઈ (મણિયાતી પાડો)
૪. શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ હ. શ્રી મિતેશભાઈ શાહ (શાંતિનાથની શેરી)
૫. શ્રી કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) હ. શ્રી પ્રિતેશભાઈ (ડંકમહેતાનો પાડો)
૬. શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
૭. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
૮. શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
૯. શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
૧૦. શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવશી)
૧૧. શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
૧૨. શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૧૩. શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)

✻ ✻ ✻ ✻ ✻


***My all dear Near Friends. On the auspicious Day***
***Piece and Prosperity Health & Wealth***
***Long life and Good Wishes Joy and chear***
***Happy Diwali & Happy New Year***

# નૂતન વર્ષાભિનંદન

## તંત્રી સ્થાનેથી... ભારતી શાહ




*મુર્તિ ઘડાયા પછી મંદિરમાં મલકે છે.*
*સોનું ઘડાયા પછી દેહ પર ઝળકે છે,*
*માટલું ઘડાયા પછી મસ્તક પર છલકે છે,*
*માનવી ઘડાયા પછી જ જીવનમાં ઝળકે છે...*



રાજા વિક્રમાદિત્ય

**પરદુઃખભંજન વીર વિક્રમની પૂણ્ય સ્મૃતિમાં શરૂ થયેલું એક વધુ વર્ષ અલવિદા કરીને અદ્રશ્ય થયું. નવા વર્ષની નવલી નોબત નીલ ગગનમાં વાગી... પરમ તીર્થંકર પ્રભુ મહાવીર દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા. ભાવ દીપક બુઝાવાથી લોકોએ દ્રવ્ય દીપક પ્રગટાવી અજવાળા કર્યા, તે દિન એટલે દિવાળી. શાસન નોંધારું બને તે પહેલાં જ ગૌતમસ્વામીને કેવળ જ્ઞાન થઈ ગયું. એકબાજુ ભગવાનના નિર્વાણનો મહોત્સવ ઉજવાયો, તો બીજી બાજુ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવાયો, દીવે દીવો પ્રગટી ગયો અને નૂતન વર્ષ એટલે કે કારતક સુદ એકમ નવલું પ્રભાત, નવો આનંદ, ઉમંગ, ઉલ્લાસ લઈને પ્રગટી ચૂક્યું છે.**

**''લ્યો આવ્યું આ નવું નકોર વરસ, સવાર ઊગી છે સલુણી ને સરસ,**
**ઓ મન !નું મન મુકીને વરસ, છીપી જાય ભવ-ભવની તરસ.''**

**આપણા સૌની ભાવનામાં ભીનાશ, ભાષામાં મીઠાશ આવે અને સ્વભાવમાં સુવાસ પ્રગટે તો જીવનમાં પ્રકાશ આવે.**

**પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્ય જેના પરથી વિક્રમ સંવતની શરૂઆત થઈ.** આ અંક આપને મળશે ત્યારે સંવત ૨૦૮૧નો પ્રારંભ થઈ ચૂક્યો હશે. અને ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણથી વીર સંવતની શરૂઆત થઈ. ભગવાન મહાવીર સ્વામી પછી **૪૭૦ વર્ષ વિત્યા બાદ ઉજ્જૈનની અવંતી નગરીમાં વિક્રમાદિત્ય** નામના રાજા થયા. તેઓ ખૂબ જ ન્યાયપ્રિય અને દયાળુ જેમની રગેરગમાં ધર્મ રહેલો હતો. જેનો નેતા સારો તેની પ્રજા પણ સારી હોય છે.

ધર્મપ્રેમી, સત્યપ્રિય, સાત્વિક મનોવૃત્તિવાળા વિક્રમાદિત્ય સિંહાસન ઉપર બિરાજમાન હતા અને પ્રજાના દિલમાં બેસીને રાજ્ય કરતા હતા. **ગુણવાન માણસોને પ્રાપ્ત થતો યશ કાયમી ટકે છે. "Great are those who achieve greatness in their deeds."**

રાજા વિક્રમાદિત્ય એક વખત રાજમહેલમાં પથારીમાં સૂતા હતા ત્યારે તેમને સ્વપ્ન આવ્યું. તે સ્વપ્નમાં તેજસ્વી પ્રકાશ પાથરતા **લક્ષ્મીદેવી** પધાર્યા રાજાએ દેવીને કહ્યું, ''પધારો ! આપના આગમનનું શું પ્રયોજન ?'' ત્યારે લક્ષ્મીદેવીએ કહ્યું; ''હું તો આપની પાસેથી વિદાય માંગવા આવી છું. રાજાએ કહ્યું ''જ્યારે આવ્યા ત્યારે કહીને આવ્યા નહોતાં, તો હવે તમે જાઓ છો ત્યારે કહેવાની જરૂર નથી ખુશીથી પધારો. લક્ષ્મી દેવી કહે, ''અરે ! તમને ખબર છે હું તમારી પાસે હતી તો તમારી ચારે બાજુ બોલબાલા હતી. હું છું તો આ બધી જાહોજલાલી છે મારા જવાથી તમારું બધુ ઐશ્વર્ય ચાલી જશે.'' રાજા હસતા હસતા કહે છે, **''આ કાંઈ મારું હતું નહીં અને મારું થવાનું પણ નથી. મારો અંતર વૈભવ તો મારી પાસે જ છે, તેને કોઈ લૂંટી શકે તેમ નથી.''** લક્ષ્મીજી અદ્રશ્ય થઈ ગયા થોડી જ ક્ષણોમાં કીર્તિદેવી પધાર્યા તે પણ એમ જ કહે છે, ''મારા મોટા બહેન જઈ રહ્યા છે, તો સાથે હું પણ જાઉં છું.'' રાજ કહે, ''તમો પણ ખુશીથી પધારો.'' કીર્તિદેવી કહે, ''પણ યાદ રાખજો કે મારા જવાથી વિશ્વમાં તમારી નામના વિલય થઈ જશે. તમારી ખ્યાતિ, પ્રસિદ્ધિ બધુ જ ભૂલાઈ જશે.''

રાજાએ જવાબ આપ્યો, **''માન મળે કે આપમાન મળે તે બધુ ક્ષણિક છે હું તેની પરવા પણ કરતો નથી.''**

આમ, કીર્તિદેવીએ પણ વિદાય લીધી ત્યારબાદ અક્કડ એવા સત્તાદેવી પધાર્યા ''મહારાજ ! હું પણ વિદાય લઉ છું અને મારા જવાથી તમારી બધી સત્તા ચાલી જશે'' મહારાજ કહે, ''કોઈ ચિંતા નથી આ રાજ્યને **હું મારું માનતો જ નથી હું તો એક ધર્મશાળામાં આવેલ એક મુસાફિર છું. તમારે જવું હોય તો તમે પણ જઈ શકો છો.''** અને ગર્વભર્યા પગલે સત્તાદેવી પણ ચાલ્યા ગયા. થોડી ક્ષણો પસાર થઈ ત્યાં તો ત્રણ પુરુષ આકૃતિઓ દેખાઈ એ હતા સત્ય, ધર્મ અને ચારિત્ર !

આ બધું સ્વપ્નમાં જ ચાલી રહ્યું છે તેઓ ત્રણે રાજાને કહે છે; અમે ત્રણેય પણ જવા માટે આવ્યા છીએ તમારી પાસેથી વિદાય માંગીએ છીએ. ''વિક્રમરાજા સફાળા બેઠા થઈ ગયા અને બોલ્યા ''અહો ! આ તો મારા આત્માના સત્વો છે એના વિના હું કેમ જીવી શકું ?''

રાજા કહે; ''ના, ના ! હું તમને તો રજા ન જ આપી શકું જો તમે જતાં રહો તો હું મારું જીવન હમણા ને હમણા જ પુરુ કરી દઉ. જે **જીવનમાં સત્ય નથી ધર્મ નથી કે ચારિત્ર નથી તો એ જીવન જ વ્યર્થ છે.''**

આમ બોલતાં બાજુમાં જ પડેલી તલવાર ઉઠાવી તરત જ ત્રણેય સૌમ્ય તત્વો કહે છે.

''અરે રાજન ! ઊભા રહો ! આનંદથી જીવો, હવે અમે હંમેશા તમારી સાથે જ રહીશું. અમે તો તમારી પરીક્ષા કરતાં હતાં. તમે ત્રણ દેવીઓને રજા આપીને એટલે અમને પણ એમ થયું કે તો હવે અમે પણ રજા લઈએ.''

વિક્રમરાજા પ્રફુલ્લિત બની ગયા. ત્રણેય આકૃતિ અદ્રશ્ય થઈ ગઈ. ત્યાં તો પેલી ત્રણેય દેવીઓ પાછી આવી. મહારાજા કહે, ‘‘કેમ ફરીથી આવવાનું થયું ! દેવીઓ કહે, ‘‘હવે અહીથી જવું અશક્ય છે. જ્યાં **ચારિત્ર, ધર્મ અને સત્ય રહે છે ત્યાં જ અમારો વાસ છે.** મહારાજાએ વિનમ્ર બની તેમને ફરીથી આવકાર આપ્યો. અને ત્યારે જ મહારાજાની આંખ ખુલી થઈ.

**આજે આપણે ચારિત્ર, ધર્મ અને સત્યની ઉપેક્ષા કરી રહ્યા છીએ અને લક્ષ્મી કીર્તિ અને સત્તા દેવીની પ્રતિક્ષા કરી રહ્યા છીએ તો ક્યાંથી મેળ પડે ?**

**આ જ વિક્રમાદિત્યએ જ્યારે દુષ્કાળ આદિના કારણે ખેડૂતોને દેવાદારીમાંથી બહાર કાઢ્યા અને રાજભંડારમાંથી રકમ ભરી આપી અને દેવા મુક્ત કર્યા ત્યારે આવા પરદુઃખને ભાંગનારા રાજાથી પ્રજા આનંદમાં આવી ગઈ અને ત્યારેથી તેની યાદીમાં વિક્રમ સંવતની શરૂઆત થઈ.**

***Diwali is the Perfect time to "Thank God" for his Blessings and to wish you all of you success, Peace, Prosperity and happiness. May you all enjoy this beautiful season***




***that brings people together with singular Purpose - To Celebrate life.***

***These are my fondest wishes for you***



## મુઠ્ઠી ઉંચેરા માનવી



### ભાવભરી ભાવાંજલિ... હૃદયાંજલિ... શ્રદ્ધાંજલી...
### શ્રી પાટણ જૈન મંડળ



રતન ટાટા અનુભવે ઘણું શીખ્યા હતા અને લોકોમાં એ જ્ઞાન વહેંચતા રહેતા હતા. એકવાર, એમને એક સ્કૂલના વાર્ષિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમાં એમણે આપેલા ભાષણની અમુક વાત ઘણી જાણીતી થઈ હતી. રતન ટાટાને સમજવા માટે અને એમની પાસેથી શીખવા માટે આ દશ વાતો યાદ રાખવા જેવી છે.

૧. જીવન ઉતાર-ચઢાવથી ભરેલું છે, તેની આદત બનાવી લો.
૨. લોકોને તમારા સ્વાભિમાનની પડી નથી હોતી. લોકોને તમારી ચિંતા નથી.
૩. કોલેજ પૂરી કર્યા પછી ૫ આંકડાના પગારનું સ્વપ્ન ન જુવો, રાતોરાત વાઈસ પ્રેસિડન્ટ નથી બનાતું, તેના માટે ઘણી મહેનત કરવી પડે છે.
૪. તમારી ભૂલ માત્ર તમારી જ છે તમારો પરાજય માત્ર તમારો જ છે. બીજાને દોષ ન આપો. તમારી ભુલોમાંથી શીખો અને આગળ વધો.
૫. તમારા માતા-પિતા તમારા જન્મ પહેલા એટલાં નીરસ અને કંટાળાજનક નહોતાં, જેટલા તમને હવે લાગે છે. તમારા ઉછેરમાં એ એટલાં ઘસાઈ ગયા છે કે એમનો સ્વભાવ બદલાઈ ગયો છે.
૬. સાંત્વના પુરસ્કાર માત્ર સ્કૂલમાં જ મળે છે, અમુક સ્કૂલમાં તો પાસ થવા સુધી જ પરીક્ષા આપી શકાય છે પરંતુ બહારની દુનિયાના નિયમો અલગ છે. ત્યાં હારનારને ફરી તક મળતી નથી.
૭. જીવનની સ્કૂલમાં, કોઈ ધોરણ અને ક્લાસરૂમ નથી હોતા અને મહિનાનું લાંબુ વેકેશન પણ નથી હોતું. તમને શીખવવા માટે કોઈ સમય નથી આપતું. આ બધું તમારે જાતે કરવું પડે છે.
૮. ટીવીનું જીવન સાચું નથી. જીવન ટીવી સિરિયલ નથી. અસલી જીવનમાં આરામ નથી હોતો, માત્ર કામ અને કામ જ હોય છે. તમને ખબર છે જગુઆર, હમર, બીએમડબલ્યુ, ઓડી, ફેરારી જેવી લક્ઝરી ક્લાસવાળી કારની જાહેરખબરો ટીવી પર કેમ નથી આવતી ? કારણ કે તે કાર કંપનીઓ જાણે છે કે આવી કાર લેનારા લોકો પાસે ટીવી સામે બેસી રહેવાનો ફાલતું સમય નથી.
૯. બહુ ભણતા અને મહેનત કરતા મિત્રોને ચીડવો નહીં. એક એવો સમય પણ આવશે જ્યારે તમારે એના હાથ નીચે કામ કરવું પડશે.
૧૦. દરેક વ્યક્તિ તમારી પ્રશંસા કરે તેવી ક્યારેય ઈચ્છા ન કરતા ફક્ત તમારા માતા-પિતા તમારી પ્રશંસા કરે તેવી ઈચ્છા રાખો તે ઘણું છે.

# સહરા સ્ટાર જેડ હોલ - લોનાવાલા હોલી ડે હોમ દાતાઓનો સન્માન સમારોહ

***કેટલીક ક્ષણો હવાની લહેરખી જેવી હોય છે, જે સુવાસની અનુભૂતિ કરાવે છે. કેટલીક ક્ષણો અત્તરના છાંટણા જેવી હોય છે જેની ખુશ્બુ મહિનાઓ સુધી આવે છે.*** તો કેટલાંક પ્રસંગો એવા બને છે કે તેની યાદી સ્મૃતિમાં અંકિત થઈ જાય છે. આવો જ એક નવલો પ્રસંગ **લોનાવાલા 'હોલી ડે હોમ'ના દાતાશ્રીઓનું સન્માન તા. ૬ ઓક્ટોબર ૨૦૨૪, રવિવારે સવારે ૧૦ કલાકે જેડ હોલ, સહારા સ્ટાર હોટલ, વિલેપાર્લા (ઈ)** ખાતે શાનદાર માહોલમાં સંપન્ન થયો.

લોનાવલા હોલી ડે હોમ પ્રોજેક્ટના દાતાશ્રીઓના સન્માન સમારોહનું આયોજન **શ્રી વિજય દોશીના** મધુર સંગીતમય વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. લગભગ **૨૫૦ પટણીઓની** ઉપસ્થિતિથી સમગ્ર માહોલમાં આનંદ અને ઉત્સાહ દેખાતો હતો. કાર્યક્રમનો પ્રારંભ નવકારમંત્રના માંગલિક શ્રવણ બાદ, **શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહે** સહુનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ 'પ્રતિબિંબ'ના તંત્રી **શ્રીમતી ભારતીબેન શાહને** મંચ પર આમંત્રિત કરીને શ્રી પાટણ જૈન મંડળનો પૂર્વ ઈતિહાસ વિશે થોડો પ્રકાશ પાડવા જણાવ્યું હતું. તેઓએ શ્રી પાટણ જૈન મંડળની સેવાભાવનાને યાદ કરતાં ભૂતકાળ તરફ સ્મૃતિના અશ્વને લઈ ગયા હતા. **વર્ષ ૧૯૧૨ થી ૧૯૬૩** સુધીનો સમય શ્રી પાટણ જૈન મંડળની સુવર્ણ જયંતિનો હતો તે સમયે આપણને બધાને ગર્વની લાગણી થાય તેવી ઘટના બની હતી . તે સમયના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ તેમજ અન્ય મહાન દિગ્ગજોએ આપણી સંસ્થાને શુભેચ્છાઓ આપી હતી. **તા. ૨૮ જાન્યુઆરી ૧૯૪૦માં શ્રી પાટણ જૈન મંડળના ૨૭માં વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો ત્યારે આપણી સંસ્થાના મંત્રી શ્રી બાબુભાઈ મણિલાલ ચોક્સી હતા. પ્રમુખ સ્થાને મોરારજી દેસાઈ પધાર્યા હતા. અને શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા પણ ઉપસ્થિત હતા. તેઓએ શુભેચ્છા આપતા પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'તમારે તમારા સમાજ માટે સસ્તા ભાડાના મકાન, હોસ્પિટલ કે સેનેટોરિયમ જેવી સ્થાનિક જરૂરિયાતો છે તેના પર ધ્યાન આપવું જોઈએ.'**

વાચક મિત્રો ! આશ્ચર્યની વાત એ છે કે **૧૯૪૦માં બોલાયેલી વાણી, આજે વર્તમાનમાં ૨૦૨૪માં સત્ય રૂપે સાબિત થઈ. પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)ના નેતૃત્વમાં આ વાણી સાર્થક થઈ.** તેમનું વિઝન એ **સિંહાવલોકન** જેવું સાબિત થયું છે અનેક મુશ્કેલીઓ વચ્ચે ઉત્સાહભેર અને એકધારી અવિરત સેવા સાથે તન-મન-ધનથી પુરુષાર્થ કરીને સહુને પોતાની સાથે આંખમાં અને પાંખમાં રાખીને સુવ્યવસ્થિત સંચાલન કરી રહ્યા છે. તે પ્રશંસનીય છે.

**સાતમાળની ઉંચાઈ પર જન્માષ્ટમીના તહેવારે ગોવિંદાના મનમાં અતિ ઉત્સાહ જાગે છે મટકી ફોડવાનો જે ગોવિંદા છે તે યુવાન છે સશક્ત પણ છે તેનામાં આત્મવિશ્વાસ પણ છે. મટકી ફોડવા એ કૃતનિશ્ચયી પણ છે છતાં મટકી ફોડવામાં સફળતા મેળવવા એને અન્ય ગોવિંદાઓનો સહકાર લેવો જ પડે તેમ છે કેટલાક ગોવિંદાઓ એને પોતાના ખભાનો ટેકો આપે છે ત્યારે એ મટકીની નજીક પહોંચવામાં અને મટકી ફોડવામાં સફળ બને છે.**

મારા પાટણના પ્રેમીઓ આપ સહુ જો પાટણ જૈન સમાજના પરિવારોની ખુશી અને પ્રગતિ ચાહો છો તો તમારા મનના કમાડ ખોલી નાંખો ઉદાર બનીને સહયોગ આપતાં રહો તો આપણે સાથે મળીને સિદ્ધિના સુવર્ણ મંદિરનો સહુથી અગત્યનો સ્થંભ ઊભો કરીશું.

જીવનમાં દરેક તબક્કે દાનની જ્યોત જ્વલંત રાખતો, સંસ્થા પ્રત્યે પ્રેમ અને લાગણી દર્શાવતી વ્યક્તિનો આભાર માનવો જરૂરી છે. જીવનમાં જો કૃતજ્ઞ થઈશું તો ધાર્યા કરતા વધુ સારા પરિણામો મળશે તે બાબત નિર્વિવાદ છે તેથી ગ્રેટિટ્યુડ રાખવું જરૂરી છે.

**'આવો મારી સાથે, ચાલો મારી સાથે...**
**આપણે સહુ આત્મવિશ્વાસનું સઢ ફેલાવી....**
**પ્રેમની પતવાર વડે....**
**હેતે હેતે અને હોંશથી હલેસા મારતાં મારતાં**
**આપણી મંઝિલે 'હોલી ડે હોમ' અવશ્ય પહોંચીએ'**

**શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહે** પણ સંસ્થાના બે મોટા પ્રોજેક્ટની **ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય** તથા ગોરેગામ ખાતે **સૌરભ મેડિકલ હેલ્થ કેર** સફળતાપૂર્વક પાર પડ્યા તે બદલ પ્રમુખ **શ્રી દાનેશભાઈ તથા તેમની ટીમને** અભિનંદન આપ્યા હતા. લોનાવાલા **'હોલી ડે હોમ'** પ્રોજેક્ટને સંપૂર્ણ સફળતા માટે અને બે વર્ષમાં સમાજના લોકોને સારો લાભ મળશે તે માટે શુભેચ્છા આપી હતી.

ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવીએ** સૌરભ મેડિકલ હેલ્થકેરનો લાભ માત્ર પાટણ જૈન સમાજના પરિવારો જ નહીં, પરંતુ બહારના અન્ય લોકો પણ સારો લાભ લઈ રહ્યા છે તે વિશે જાણકારી આપ્યા બાદ લોનાવાલા પ્રોજેક્ટ જે **૭.૭૫ એકરમાં** તૈયાર થઈ રહ્યો છે અને તેના શું ફાયદાઓ છે તેની માહિતી આપી હતી. આ સાથે તેઓએ **આર્કિટેક્ટ શ્રી હેમલભાઈ શાહ** જેઓ લોનાવાલા **'હોલી-ડે હોમ'નું** કામ કરવાના છે તેમનો પરિચય આપ્યો.

ત્યારબાદ **આર્કિટેક્ટ શ્રી હેમલભાઈ શાહે સંપૂર્ણ 'હોલી-ડે હોમ' સેવન સ્ટાર સમાન લોનાવાલાની** અન્ય સેનેટોરિયમ કરતાં પણ

નંબર વન બનશે તે વિશે **પ્રોજેક્ટ શો દ્વારા સંપૂર્ણ વિગતો સાથે ખૂબ જ સુંદર પ્રેઝન્ટેશન** જે રીતે બતાવ્યું હતું તે જોતા જ ઉપસ્થિત સર્વે ખૂબ જ ખુશ થઈ ગયા હતા. અને ક્યારે જલ્દીથી આ **'હોલી-ડે હોમ'** તૈયાર થાય તે માટે ઉત્સુકતા જોવા મળી હતી. સાથે સાથે **નવગ્રહ જિનાલય, પૂજ્ય ગુરુભગવંતો અને સાધ્વીજી ભગવંતો માટે ઉપાશ્રય વિગેરે નાની મોટી અન્ય બધી જ સુવિધાઓ પ્રાપ્ત થશે. Wide Vision સાથે Mile Stone આ પ્રોજેક્ટ એ શ્રી પાટણ જૈન મંડળના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમ નજરાણું સમાજને મળશે.**

પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** આવા ઉત્તમ પ્રોજેક્ટ માટે દાનની અપીલ કરી હતી, તેઓએ જણાવ્યું હતું કે, **'ન ભૂતો ન ભવિષ્યતિ'** જેવો આ પ્રોજેક્ટ તૈયાર થશે ત્યારે નાના બાળકોથી સિનિયર સુધી બધાને આનો લાભ મળશે. **બુકીંગ પણ ઓનલાઈન જ કરવામાં આવશે. દાતાઓએ જે પ્રમાણે રકમોનું દાન આપ્યું છે તેનો પણ બરાબર રીતે લાભ મળશે જ.** હજુ પણ વધારે દાતાઓ જો આગળ આવીને સાથ-સહકાર આપે તો સોનામાં સુગંધ ભળશે. **જિનાલયમાં ભગવાન ભરાવવાનો, પ્રતિષ્ઠાનો લાભ મળશે.** સ્વેચ્છાએ સમાજના દરેક પરિવારોને ખુશી મળે તેવા કાર્યો કરવાની આપણા બધાની એક પવિત્ર, નૈતિક ફરજ છે. માનવતા જીવંત રહેશે તો ભગવાન આપણને સારા આશીર્વાદ આપશે. આપ સર્વેના ઘરમાં આવતા સગાઈ, લગ્ન, બર્થ-ડે પાર્ટી જેવા અનેક કાર્યક્રમો અહીં કરી શકશો. યુવાનોને ફૂટભોલ મેચ, ક્રિકેટ મેચ માટે પણ ગ્રાઉન્ડ છે, આવનારી નવી જનરેશન માટે આ એક અણમોલ ભેટ મળશે.

**દરેક પરિવારો રૂા. ૧૫ લાખમાં એક રૂમ લખાવીને દાતા બનીને 'હોલી ડે હોમ'માં સાથ આપે તો જરૂરથી આપણે એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશું.**



## માનીએ આભાર, કરીએ સત્કાર



**લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ (શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**- સન્માન પ્રમુખશ્રી શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) ટ્રસ્ટીશ્રી ભરતભાઈ નેમચંદ શાહ**

**દેરાસરના સંપૂર્ણ લાભાર્થી Rs. 5.25 Cr.**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) - સન્માન ફો. પ્રેસિડન્ટ શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ**

**કોમ્યુનિટી મલ્ટી ર્પપઝ હોલ Rs. 4.00 Cr.**

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા તેમના એક્ઝીક્યટર્સ શ્રી દિનેશભાઈ, શ્રી ભરતભાઈ તથા શ્રી મહેન્દ્રભાઈ**

**- સન્માન પ્રમુખશ્રી દાનેશભઈ વી. શાહ (માટલીવાલા)**

**સાધુ ભગવંતના ઉપાશ્રય તથા મુખ્ય આધાર સ્થંભના લાભાર્થી (Rs. 2.50 Cr.)**

**શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ - સન્માન પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)**

**ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવી, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ નેમચંદ શાહ, ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહ**

**શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ -**

**- સન્માન પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) ટ્રસ્ટીશ્રી ભરતભાઈ નેમચંદ શાહ**

**મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી (Rs. 1.00+25 = 1.25 Cr. )**

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) - સન્માન ફો. પ્રેસિડન્ટ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**

**શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) - સન્માન ફો. પ્રેસિડન્ટ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**

**શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ - સન્માન પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ, ઉ.પ્ર. શ્રી હેમંતભાઈ કે. સાલવી**

**શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ - સન્માન પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ, ઉ.પ્ર. શ્રી હેમંતભાઈ કે. સાલવી**

**શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ - સન્માન શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ ગુંદરવાલા**

**શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ - સન્માન ઉ. પ્ર. શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, શ્રી મહેન્દ્રભાઈ એન. ગુંદરવાલા**

**શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા - સન્માન પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ, ઉ.પ્ર. શ્રી હેમંતભાઈ કે. સાલવી.**

## સહયોગી આધાર સ્થંભ લાભાર્થી : (Rs. 50+13 = 63 Lc)

શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ - સન્માન પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ, ટ્રસ્ટી શ્રી દિપકભાઈ આર. શાહ

શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા - સન્માન પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ, ટ્રસ્ટી શ્રી દિપકભાઈ આર. શાહ

## એક રૂમના લાભાર્થી : (Rs. 30 Lc)

શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા)

માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ

- સન્માન ઉ.પ્ર શ્રી દિનેશભાઈ એસ. શાહ તથા શ્રી રોહિતભાઈ એમ. શાહ

## Rs. 15 Lc એક રૂમના સયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રી જીનેશભાઈ (કાકાસાહેબ)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ
- શ્રી કીરીટભાઈ મહાસુખલાલ નંદરબારવાલા
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શિલ્પાબેન પંકજભાઈ શાહ
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ









Roland




SAHARA


SAHARA


SAHARA




SAHARA




MAIN AADHAAR STAMBH
SMT. SUDHABEN






MAIN DONOR
SMT. GEETABEN


MAIN AADHAAR STAMBH
BHAGWATIBEN




AADHAR STAMBH


SANDIPBHAI




AADHAR


SMT. SEJALBEN (RUPABEN)


KETKIBEN DANESHBHAI




SHAH


SHRI DARSHANBHAI










Reserved












EE PATAN JAIN MANDAL




# સૌરભ મેડિકલ હેલ્થ કેર – ગોરેગામ

સૌરભ મેડિકલ હેલ્થ કેર ખાતે **તા. ૬ ઓક્ટોબર ૨૦૨૪ના** રોજ સવારે ૯ કલાકે સમાજનાં દાતા પરિવારો તરફથી નવા ૧૦ ડિપાર્ટમેન્ટનું ઉદ્‌ઘાટન કરતા ગૌરવનો અનુભવ પાટણ જૈન મંડળના પરિવારોને થયો. દિન પ્રતિદિન સૌરભ મેડિકલ હેલ્થકેરની પ્રગતિ જોતાં સમાજના વધુને વધુ દાતાઓ આગળ આવીને માનવ સેવાના આ કાર્યમાં ખુબજ સારી રીતે સાથ અને સહકાર આપી રહ્યા છે.

વિવિધ ડિપાર્ટમેન્ટોના નામ આપવાની ઈચ્છા મુજબ પ્રાપ્ત થયેલ દાનને અનુલક્ષીને જે વિભાગમાં દાતાઓના નામની તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું હતું તેની ઝલક અહીં આપવામાં આવી છે.

- શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ (શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો) X-RAY વિભાગ
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ - જનરલ સર્જરી ડિપાર્ટમેન્ટ
- શ્રી કાંતિલાલ અને ચંદ્રાવતીબેન ખાંડવાલા (યુએસએ) - ડરમેટોલોજી ડિપાર્ટમેન્ટ
- શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ - ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટ
- બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ - ઈન્ટરનલ મેડિસીન ડિપાર્ટમેન્ટ
- શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરુચંદ શાહ - ડાયાબિટીસ ડિપાર્ટમેન્ટ
- શ્રી જતિનભાઈ ભગવાનદાસ શાહ - ગેસ્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ
- શ્રી દિપકભાઈ સેવંતીલાલ ચીમનલાલ પટણી - ચેસ્ટ મેડિસીન ડિપાર્ટમેન્ટ
- શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ - ગીરીયાટ્રીક ડિપાર્ટમેન્ટ
- શ્રીમતી જાશુદબેન લક્ષ્મીચંદ શાહ - અલ્ઝાઈમર અને ડિમ્નેશિયા ડિપાર્ટમેન્ટ

અનાવરણ વિધિ સંપન્ન થયા બાદ દરેક દાતાઓને સ્મૃતિચિન્હ આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બધા સહારા હોટલ ખાતેના બીજા પ્રોગ્રામમાં જવા તૈયાર થયા હતા.













SHRI RAMESHBHAI CHHABILDAS
ZAVERI
ORTHOPAEDIC DEPARTMENT
SMT. VASUMATIBEN SEVANTILAL
AMBALAL SHAH
GENERAL SURGERY
DHIREN - BIMAL - CHINTAN -




REFRACTION ROOM


DEPARTMENT




FIRE
EXIT











## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- ❖ શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરૂવાલા) હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- ❖ માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ – હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- ❖ શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- ❖ શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- ❖ શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- ❖ શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- ❖ શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- ❖ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ❖ શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- ❖ શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ – હ. શ્રી જીનેશભાઈ (મણિયાતી પાડો)
- ❖ શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- ❖ શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ હ. શ્રી મિતેશભાઈ શાહ (શાંતિનાથની શેરી)
- ❖ શ્રી કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) હ. શ્રી પ્રિતેશભાઈ (ડંકમહેતાનો પાડો)
- ❖ શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- ❖ શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- ❖ શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- ❖ શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ (ખેતરવશી)
- ❖ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- ❖ શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- ❖ શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)

# શ્રી પાટણ જૈન મંડળ યોજિત

# હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

## લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

## દેરાસરના સંપૂર્ણ લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

## મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

### Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

### Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ ( )
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રી આશિતભાઈ ભુપેનભાઈ (પોળની શેરી)

# LONAVALA PROJECT SCHEME

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.
તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,
જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા
પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# SHREE PATAN JAIN MANDAL - USA







**Dear Family and Friends,**

As we embrace the spirit of community and connection, we invite each of you parents, kids, and everyone in between to take part in our exciting journey towards growth and support. Together, we can create a vibrant, self-sustaining community that uplifts one another and fosters a sense of belonging.

## Community Engagement

We are thrilled to announce our collaboration with JAINA 2025 in Chicago (Registration Information - JAINA Convention 2025). This is a fantastic opportunity to showcase our unity and creativity! We are gathering ideas for our booth, focusing on meaningful giveaways and merchandise that reflect our values.

## Education Committee Highlights

Dhruv and Bina Shah are stepping into leadership roles within our Scholarship Committee, focusing on establishing a scholarship and loan program aligned with JSMC and JAINA frameworks. We believe that education is a powerful tool for empowerment, and we encourage you to engage with this initiative. Together, we can ensure that deserving students have the support they need to succeed.

## Donations and Contributions

Your generosity is the backbone of our efforts. We want to remind everyone about the process for making contributions to the Shri Patan Jain Mandal of the USA. Please use the Tax ID #96-0622442 when submitting your donations to Fidelity. If you have any questions, **Nitin Uncle** is here to help!

**Here's a snapshot of our current donor contributions:**

| Purpose of donation | SUM of Amount (USD) | SUM of Amount (INR Million) | SUM of Amount (INR lakhs) |
|---|---|---|---|
| Lonavala Project | $214,000 | Rs. 17,762,000 | 177.62 |
| Other | $82,000 | Rs. 6,806,000 | 68.06 |
| Education | $55,000 | Rs. 4,565,000 | 45.65 |
| Saurabh Medical | $50,500 | Rs. 4,191,500 | 41.92 |
| Primary Education | $2,000 | Rs. 166,000 | 1.66 |
| US Initiatives | $501 | Rs. 41,583 | 0.42 |
| **Grand Total** | **$404,001** | **Rs. 33,532,083** | **335.32** |

Additionally, we need **all donations to flow from India** right now as we don't have full visibility of INR and USD-based donations at this time. We're also in need of an **accounting person** to handle reconciliation since we currently do not have a Treasurer or accountant in place for this activity.

## Donation Process for Patan Jain Fidelity Account

To simplify our process, we are working on adding the option for sending donations directly to the **Patan Jain Fidelity account,** which will make our workflow much smoother. Stay tuned for updates on this.

## Upcoming Plans

As we approach Q4 2024, we'll focus on enhancing our outreach initiatives and refining our organizational structure. We encourage everyone to share and update their contact information to strengthen our network. You can reach us at: **patanjainusa@gmail.com.**

**Our upcoming agenda includes:**

1. Team Member Contact Information
2. Updates on the Education Committee's scholarship and loan program
3. Progress on outreach initiatives led by **Dimple**

## New Initiatives


We are also excited to announce a **Professional Development team** led by **Anish Patani,** focusing on job boards, career counseling, mentoring, and advancement opportunities. This will be an invite-only LinkedIn group with rules in place to maintain professionalism and the quality of posts.

## Thank You and Diwali Wishes

As we celebrate the **Festival of Lights,** may this occasion bring you joy, prosperity, and a sense of belonging. Just as the diyas illuminate the night, may your journey with us be filled with warmth and positivity.
Wishing you and your loved ones a joyous and prosperous Diwali! We're excited to have you with us on this journey!

**Warm regards,**
**PJM US Core Team**

# પ્રોગ્રામ સમિતિ દ્વારા આયોજિત દાંડિયા રાસ




એ હાલો હાલો ટેટુડો રમવા હાલો, મારે સહિયર ને સંગાથ ટેટુડો લેવો છે, મારે ઢોલીડાને સંગાથ ટેટુડો લેવો છે. એક પાટણ શહેરની નાર પદમણી આંખ નચાવતી ડાબે ને જમણે.. હે અંધારી આ રાતો ઝગમગતી ચમકે રે....

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતી દ્વારા **૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નેસ્કો ગ્રાઉન્ડ એસી હોલ ગોરેગામમાં** યોજાયેલ રંગારંગ કાર્યક્રમ પ્રી ગરબા નાઈટ, નવરાત્રી પહેલા પટ્ટણીઓને મંત્રમુગ્ધ કરી દીધો હતો. ઉપર પ્રસ્તુત એવા ઘણા ટ્રેડીશનલ અને મોર્ડન ગીતો ઉપર બે વર્ષના બાળકથી લઈને ૭૫ વર્ષ સુધીના યુવાનો ઝૂમ્યા હતા.

સાંજે ૫.૩૦ વાગ્યાથી ચોવિહારની વ્યવસ્થા સાથે યોજાયેલ પ્રોગ્રામમાં પટ્ટણીઓના ટોળાના ટોળા ચણિયાચોળી, કેડિયા અને ચૂડીદાર ઝભ્ભાના ડ્રેસ પરિધાન કરીને પટ્ટણીઓએ દાંડિયા-રાસ ગરબાનો આનંદ માણ્યો હતો.

સતત ત્રીજા વર્ષે મનીષ પારેખ એન્ડ ડ્રમબીટ્સ એ સિંગર **કવિતા રામ, સાહિલ સોલંકી, ભરત શર્મા અને ધનશ્રી કોરગાવકરના તાલે** ખેલૈયાઓ મનમૂકીને સાંજે ૭.૩૦ વાગ્યાથી ૧૧.૩૦ સુધી નાચ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ, સેક્રેટરી કલ્પેશભાઈ, અલ્પાબેન તથા સંજયભાઈ શાહે** ખભે ખભા મિલાવીને મહેનત કરી હતી. પાસ ડિસ્ટ્રીબ્યુશન ટીમ, પ્રોગ્રામ સમિતી ટીમ, ઓફિસ સ્ટાફ અને અન્ય ૩૫ જણની ટીમે પ્રોગ્રામને સફળતા અપાવી હતી.

દાંડિયા રાસનું **સંચાલન પવનપ્રીત કૌરે** કર્યું હતું અને ખલૈયાઓ એટલું સુંદર રીતે રમ્યા હતા કે નિર્ણાયકને પણ ઈનામ આપવાનું મુશ્કિલ થઈ ગયું હતું. દરેક ગ્રુપમાં બે વર્ષથી પંચોતેર વર્ષ સુધીના પટણીઓને અલગ કેટેગરી (૧) બેસ્ટ ડાન્સર (મેલ) (૨) બેસ્ટ ડાન્સર (ફિમેલ) (૩) બેસ્ટ ડ્રેસ એવા ૨૫ થી વધારે ઈનામો નિર્ણાયક **પુનિતા પ્રકાશ હીરાની, શીતલ મોદી અને કિરણ હંસરાજ શાહ** દ્વારા આપવામાં આવ્યા હતાં.

સાંજે સાત વાગે ચાલુ થયેલ પ્રોગ્રામમાં રાતના ૧૦ વાગે મધ્યાંતર દરમ્યાન દાતાઓનું બહુમાન ફુલોના બુકે અને પટોળાના દુપટ્ટા સાથે, પાસ ડિસ્ટ્રીબ્યુશન, પ્રોગ્રામ સમિતીના સભ્યોનું ગોલ્ડ મેડલ દ્વારા **શ્રી રોહિતભાઈ, શ્રીમતી અલ્પાબેન, શ્રી કલ્પેશભાઈ તથા શ્રી સંજયભાઈ શાહ** દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

મધ્યાંતર દરમ્યાન ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહે આભાર વિધી કરી હતી. પ્રોગ્રામનું સંચાલન સેક્રેટરીઓ **શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રીમતી અલ્પાબેન શાહ તથા શ્રી સંજયભાઈ શાહે** કર્યું હતું. ત્યારબાદ **પ્રમુખ શ્રી દાનેશભાઈએ લોનાવાલા 'હોલી ડે હોમ' પ્રોજેક્ટ** વિશે વિશેષ માહિતી આપી હતી અને એનું પ્રેઝન્ટેશન એલઈડી સ્ક્રીન પર બતાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવારનું બહુમાન શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ.**

**શ્રીમતી ધરાબેન શૈલેષભાઈ શાહ પરિવારનું બહુમાન શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ.**

**શ્રીમતી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવારનું બહુમાન શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ.**

**શ્રી કાનલબેન હિતેશભાઈ શાહ પરિવારનું બહુમાન શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ.**

**શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવારનું બહુમાન શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ.**

**શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ શાહ પરિવારનું બહુમાન શ્રી હિતેશભાઈ શાંતિલાલ શાહ.**

**શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવારનું બહુમાન શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ.**

**શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવારનું બહુમાન શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી.**

**શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ઝવેરી પરિવારનું બહુમાન શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ.**

ત્યારબાદ આભાર વિધી **સેક્રેટરી શ્રીમતી અલ્પાબેન શાહ અને શ્રીમતી ભાવીનીબેન શાહ** દ્વારા કરવામાં આવી હતી અને તેજ વખતે **મનીષભાઈ પારેખ અને પવનપ્રીત કૌરનું બહુમાન** કરવામાં આવ્યું હતું. અને **શ્રી રોહિતભાઈ દ્વારા** સેક્રેટરીઓનો આભાર માનવામાં આવ્યો હતો. આજ રીતે સુંદર વ્યવસ્થા સાથે આગળ પણ પ્રોગ્રામ થાય એવી પ્રેરણા આપી હતી.

વિવિધ ફાસ્ટફુડની વાનગીઓનો રસાસ્વાદ સહુએ માણ્યો હતો.

આ રીતે ભવ્ય દાંડિયારાસ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.













Pre Navratri
GARBA
With
(Drumbeats)
Bharat








Our Strong Pillar
ri Viral Rajendra Champaklal Jhaveri Parivaar


Shree Patan Jain Mandal
Pre Navratri
GARBA
Night






Hemantbhai Kantilal Shah




Our Strong Pillar
Smt. Dharaben Shaileshbhai Shah


Our Strong Pillar
Rajendra Champaklal Jhaveri





# ટ્રેડફેર અહેવાલ

**તા. ૨ ઓક્ટોબર ૨૦૨૪ના નેસ્કો ગ્રાઉન્ડ,** ગોરેગામ (ઈ)માં **પાંચમાં ટ્રેડફેરનું** ભવ્ય આયોજન **ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ સમિતિ** દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજના જુદા જુદા વ્યવસાય કરતા પરિવારો તેમજ સ્વરોજગાર કરતા પરિવારોના ઉત્પાદનને ઘરોઘર પહોંચાડવા એક સરળ અને સુલભ પ્લેટફોર્મ સમાન માધ્યમ એટલે **'ટ્રેડફેર'.**

ટ્રેડફેરમાં ભાગ લેનાર સ્ટોલ ધારકો સાથે તા. ૧૨-૦૯-૨૦૨૪ના મંડળના શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કોમ્યુનિટી હોલ મરીનડ્રાઈવ ખાતે એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, આ સમયે સંસ્થાના **પ્રમુખ શ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ, માનદમંત્રી શ્રી દેવેશભાઈ, શ્રી ભાવિકભાઈ તથા એડવાઈઝર શ્રી સંદિપભાઈ** ઈત્યાદિ તેમજ મહત્તમ સ્ટોલ ધારકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે **શ્રી દાનેશભાઈ** દ્વારા પાંચમાં ટ્રેડફેરમાં સહભાગી થનાર સમાજના સર્વે સ્ટોલ ધારકો પ્રત્યે આભાર ભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો. **શ્રી દેવેશભાઈ તથા શ્રી ભાવિકભાઈ** દ્વારા ટ્રેડફેરને લગતી ડિજિટલ માર્કેટિંગ તથા ફુડકોલ માર્કેટિંગની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. સાથોસાથે દ્વારા નેસ્કો સ્ટોલ ગોઠવણી તથા અન્ય બાબતોની પાવરપોઈટ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ઉપરાંત આ સમયે ટ્રેડફેરમાં કુલ કેટલા સ્ટોલો રાખવામાં આવ્યા છે, સ્ટોલ દીઠ દરેકને કઈ સુવિધાઓ પુરી પાડવામાં આવશે તેમજ ડિસ્કાઉન્ટ કુપનના આયોજન અંગેની સઘળી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, ઉપરાંત સ્ટોલ ધારકો દ્વારા ટ્રેડફેર તથા સ્ટોલ અંગેની નાની-મોટી સમસ્યાઓના સમાધાનકારી ખુલાસાઓ કરવામાં આવ્યા હતા.

પાંચમાં ટ્રેડફેરની સફળતાના સારથી એટલે ૧૨૦ સ્ટોલ ધારકો જેમણે ટ્રેડફેરની જાહેરાત કરતાની સાથે જ ટૂંક સમયમાં ૯૦થી વધુ સ્ટોલોની નોંધણી કરાવી આપેલ ઉત્કૃષ્ટ પ્રતિસાદને પરિણામે ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટના સઘળા કાર્યકરોમાં જોમ અને જુસ્સાનો નવસંચાર થવા પામ્યો હતો જે બદલ તેઓ સર્વે પરિવારજનો પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

મંડળના **પ્રમુખ શ્રી દાનેશભાઈ, ઉ.પ્ર શ્રી હેમંતભાઈ સાલવી,** વડીલ મુરબ્બી **શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી** તથા અન્ય ટ્રસ્ટીઓ, દાતાઓ વગેરેની ઉપસ્થિતિમાં રીબીન કટ કરીને ટ્રેડફેરના ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યાંરબાદ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ** દ્વારા મધુર કંઠે નમસ્કાર મહામંત્રનું પઠન કરી વાતાવરણ મંગલમય બનાવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટય મંડળના પ્રમુખ, ટ્રસ્ટી, હોદ્દેદારો તથા દાતાઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

**ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહે** ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. **સહમાનદમંત્રી શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહે** સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈએ** પોતાના ઉદ્‌બોધનમાં **'ટ્રેડફેર'** આયોજન અને તેના મહત્વ અંગે ટૂંકમાં માહિતી આપી હતી, તેમજ દરેક સ્ટોલ ધારકોને શુભેચ્છા આપી હતી. અને કાર્યકરોની મહેનત અને ઉત્તમ આયોજન બદ્દલ પ્રશંસા કરી હતી. **ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવીએ** પણ આ પ્રસંગે આ કાર્યને બિરદાવીને સૌને શુભેચ્છા આપી હતી.

ટેક્નોલોજી ક્ષેત્રે થતાં દૈનિક ફેરફારો સાથે કદમથી કદમ મિલાવતી સંસ્થાની વિવિધ સહાયક પ્રવૃત્તિઓ, નવા નવા પ્રોજેક્ટ, સમાજના પરિવારોની અગત્યની માહિતી તથા અન્ય સમાજપયોગી માહિતીને આવરી લેતી શ્રી પાટણ જૈન મંડળની નવી એપ પ્રમુખશ્રીના વરદ હસ્તે લોન્ચ કરવામાં આવી હતી. તેના સંચાલન અંગેની વિગતવાર સ્ટેપ બાય સ્ટેપ માહિતી **શ્રી ભાવિકભાઈ** દ્વારા પુરી પાડવામાં આવી હતી. જેની લિન્ક તથા QR કોડ દ્વારા ટ્રેડફેરની મુલાકાતે આવતા સમાજના પરિવારોના સભ્યોના મોબાઈલમાં ડાઉનલોડ કરવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમાજના પરિવારોના સ્ટોલમાં રાખેલ ઉત્પાદનોનું વેચાણ વધારી શકાય તે અંગે સહુ પ્રથમ સંસ્થા દ્વારા ડિસ્કાઉન્ટ કુપન રાખવામાં આવી હતી. જેની મારફત ટ્રેડફેર ખાતેના ૧૨૦માંથી કોઈપણ સ્ટોલમાં ૨૫૦ની ખરીદી ઉપર રૂા. ૫૦નું વળતર અને રૂા. ૫૦૦ની ખરીદી ઉપર રૂા. ૧૦૦નું વળતર આપવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ દરેક સ્ટોલની ખરીદી કરતા સમયે તેનો લાભ મેળવી શકતા હતા.

દાંડિયારાસ તથા ટ્રેડફેરના આર્થિક સહાયક બનીને સાચા અર્થમાં સ્ટ્રોંગ પીલરની ભૂમિકા અદા કરનાર **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ, શ્રીમતી ધારાબેન શૈલેશભાઈ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી), શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ, શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ, શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ, શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ તથા શ્રી વિરલ રાજેન્દ્રભાઈ ઝવેરી ઈત્યાદી સર્વે સૌજન્ય દાતાઓનો પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી રાજેન્દ્રભાઈ જયંતલિલ શાહ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ, ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ સમિતિના એડવાઈઝ ર શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ઈત્યાદિના વરદ હસ્તે મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.**

ત્યારબાદ સંસ્થાના હોદ્દેદારોએ દરેકે દરેક સ્ટોલોની રૂબરૂ મુલાકાત લીધી હતી. સ્ટોલમાં રાખેલ ઉત્પાદનો અંગેની જાણકારી મેળવી હતી. દરેક સ્ટોલ ધારકોએ પોતાના સ્ટોલ ખુબજ આકર્ષક રીતે સજાવ્યા હતા તે બાબત તેઓની પ્રશંસા કરવામાં આવી હતી.

ટ્રેડફેરમાં ઓપ્ટીકલ, જૈન ઉપકરણ, ઈન હાઉઝ આર્ટ સ્ટુડીયો, પેઈન્ટીંગ વાર્કશોપ, રીયલ ઈસ્ટેટ, રેઝીન આર્ટ, નવરાત્રી સ્નેકર્સ, કોલર્સ એન્ડ મોબાઈલ બેલ્ટસ, ચોકલેટ્સ - કોન્ફેક્શનરીઝ, ફુડ આઈટમ, હેન્ડબેગ, ફુટવેર, ડ્રેસ મટિરીયલ્સ, ડાયમંડ અને ગોલ્ડન-સિલ્વર રીયલ તથા ઈમીટેશન જ્વેલેરી, પટોળા, ટ્રાવેલીંગ, ફોરેન એજ્યુકેશન કન્સલટન્સી, કેરિયર કાઉન્સેલીંગ એન્ડ સેલ્ફ ડેવલોપમેન્ટ, ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ ઈત્યાદીના ૨ મીટર x ૨ મીટર થી ૭ મીટર x ૩ મીટરના ૧૨૦ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. પાટણ કો.ઓપ. બેન્ક, પાટણ પાંજરાપોળ, કનાસા કલ્યાણ કેન્દ્ર, તેમજ 'દિશા'નો સ્ટોલ પણ રાખવામાં આવ્યો હતો. 'સૌરભ મેડિકલ હેલ્થ કેર'ના સ્ટોલનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

ટ્રેડફેરમાં રાખવામાં આવેલ દરેક સ્ટોલ ધારકના વિવિધ ઉત્પાદનો વિગેરેની સરળતાથી માહિતી ઉપલબ્ધ થઈ શકે તે માટે સ્ટોલ નંબર, સ્ટોલનું નામ, પ્રોડક્શન વિગત તથા સંપર્ક સહીતની મહત્વની વિગતો સાથેનું આકર્ષક ફોલ્ડર બનાવીને સૌને આપવામાં આવતું હતું.

સંસ્થાના પાંચમાં ટ્રેડફેરની અંદાજ ૩૦૦૦થી ૪૦૦૦થી વધુ ભાઈ-બહેનો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને સંસ્થાની આ પ્રવૃત્તિને બિરાદવવામાં આવી હતી.

**ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, એડવાઈઝર શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ, ઈકોનોમિક અપ્લિફટમેન્ટના માનદમંત્રી શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ, માનદમંત્રી એડમીન શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, સહમંત્રી શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ તથા શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ,** દ્વારા ફિઝિકલ તથા ઓનલાઈન મીટીંગોના માધ્યમથી ટ્રેડફેરના દરેકે દરેક પાસાઓ અંગે અવારનવાર વિસ્તૃત વિચાર-વિમર્શ દ્વારા યોજવામાં આવેલ ટ્રેડફેર સફળતાને વર્યો હતો.

